ૐ

રૉયલ નાટક મંડળી.

સોનેરી જાળ.

નાટકનાં ગાયનો અને ટુંક સાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શેઠ મહાશંકર વેણીશંકર.

રૉયલ નાટક મંડળીના માલેક, મુંબાઇ.

હાલ મુકામ—લક્ષ્મીકાન્ત થીએટર,

સુરત.

લેખક:—

જામન.

ડાયરેક્ટર:—

મી૦ સોહરાબજી મેહરવાનજી કાબ્રક.

આવૃત્તિ ૩ જી પ્રત ૫૦૦૦

સને ૧૯૨૫.

કીંમત ચાર આના.

સુરત લીમડાચોકમાં આવેલા મગનલાલ વનમાળીદાસના

"દેશી મિત્ર" પ્રેસમાં

નાથુભાઈ દેવચંદે છાપ્યું—સુરત.

સોનેરી જાળ

નાટકના મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો.

રામગોપાળ............એક દાંભિક પાખંડી સાધુ.
સુંદરસેન ....રાજ્યઆદીનો સગીર વારસ.
રણજીતસિંહ ....સેનાપતિ. સુંદરસેનનો પિત્રાઈ ભાઇ.
બળદેવસિંહ ....રાજ્યનો વફાદાર પ્રધાન.
જગદેવ ....એક પરરાજ્યનો પાટવીકુમાર, બદેળવનો [મિત્ર.
ચંદ્રશંકર........ ....ન્યાયાધિશ.
હેમુ ....બળદેવસિંહનો વફાદાર જાસુસ.
કનૈયો.... ....રામગોપાળનો મૂર્ખ પટ્ટ શિષ્ય.

સ્ત્રી પાત્રો

લક્ષ્મિદેવિ...............વિધવા રાણી. સુંદરસેનની માતા.
વસંતિકા........ ....તેની પૂત્રી.
રંભા........... ....બળદેવસિંહની પૂત્રી.
માલતી.... ....હેમુની પ્રેમપાત્ર પાછળથી પરણેતર.
જટીલા.... ....માલતીની કાકી.
વિશાખા.... ....રામગોપાળની ખાસ વારાંગના.

તે ઉપરાંત સખીઓ, કંચનીઓ, સિપાઈઓ, લશ્કર, લોક નાયકો, દ્વારપાળ ઈત્યાદિ ઈત્યાદિ.

ૐ

સોનેરી જાળ.

નાટકનો ટુંક સાર.

જગતમાં હર કાળમાં, દરેક દેશમાં, દરેક માનવ સમાજમાં જ્યાં હરકોઈ ધર્મનો પ્રચાર થયો, ત્યાં ધર્મને નામે મિથ્યા ધતીંગનો પણ સાથે સાથે ઉદ્દભવ થયો છે. વાચાળ, ચતુર, ડોળઘાલુ આડંબરી સાધુઓ પોતાના ઉદર પોષણને અર્થે તથા તેમના અંતરમાં ઘર કરી બેઠેલી વાસનાઓનો અમલ કરવા અર્થે શાસ્ત્રાભ્યાસનો પોતાની વૃત્તિઓને અનુકૂળ અર્થ કરી, રંકથી રાય પર્યંત, ભોળા શ્રદ્ધાળુઓને પોતાની સોનેરી જાળમાં ફસાવી, સ્વેચ્છા મુજબ દોરે છે. એવા સ્વાર્થી સાધુઓએ તેમના પ્રત્યેની અંધશ્રદ્ધાનો દુરૂપયોગ કરી, પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા, અનેક પ્રપંચો કરી, તેમના વિરોધીઓ ઉપર તથા સમાજપર સત્તા ભોગવતી વ્યકિતઓપર કાબુ મેળવી. અનેક પ્રકારના અમાનુષિક અત્યાચારો કરેલા છે; તેની સાક્ષી દરેક દેશનો ઈતિહાસ પોકારી પોકારી આપી રહ્યો છે. તે માંહેનું એકાદ નાનકડું ચિત્ર આ નાટકમાં આલેખવાનો અલ્પ પ્રયાસ કરેલો છે, અસ્તુ !

મંગળાચરણ અને વસ્તુ સુચનઃ—

હિમાલયના એક એકાંત પ્રદેશમાં ભક્તિ, નીતિ અને કરૂણા ઈશ્વર સ્તુતિ કરે છે. ત્રણે દેવિઓ અંધશ્રદ્ધાનો પાટો દુર કરવા પ્રયત્ન કરે છે, એટલામાં છળ અને કપટ સાથે દંભ આવી શ્રદ્ધાનો કબ્જો લેવા પ્રયત્ન કરે છે. શ્રદ્ધા સ્હાય માટે સત્યને પોકારે છે. સત્યનું પ્રગટ થવું. દંભ, છળ અને કપટ ન્હાસી જાય છે. સત્ય શ્રદ્ધાનો અંધાપો દુર કરે છે.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—રાણી લક્ષ્મિદેવિનું શિવાલય.

લક્ષ્મિદેવી તથા તેની પુત્રી વસંતિકા, પ્રભુ ભક્તિ કયા બાદ, ઇશ્વરની મહત્તા વિષે પ્રશ્નોત્તર કરે છે, ત્યાં બળદેવ આવી રામગોપાળ જેવા એક દાંભિક સાધુ પ્રત્યે અંધશ્રદ્ધા રાખવા ચેતવણી આપે છે. ભોળી રાણીનો અડગ વિશ્વાસ. બળદેવને ઠપકો. રામગોપાળના પાપાચરણના પૂરાવા રજુ કરવા રાણીએ બળદેવને કહેવું. બળદેવ બીડું ઝડપે છે. બાદ રાણી અને વસંતિકાનું જવું. બળદેવ શિકારે જાય છે. બળદેવ પ્રત્યેના દ્વેષથી બળતો રણજીત આવે છે. કનૈયો આવી રણજીતને રામગોપાલ પાસે તેડી જાય છે.

પ્રવેશ ૨ જો.

સ્થળ—જંગલ ડમ્બ સીન.

શિકાર કરી વિશ્રાંતિ લેવા બળદેવ એક વૃક્ષ નીચે સૂતો છે. એટલામાં પગે કાંટો લાગવાથી પીડાતો એક વનરાજ કેસરી પ્રવેશ કરે છે. બળદેવને જોઇ પોતાના પંજા વડે તેને જાગ્રત કરે છે. બળદેવ ચોંકી ઉઠી ખંજર મારવા તૈયાર થાય છે; પણ વનરાજને સ્વસ્થ ઉભેલો જોઇ સમયસૂચક પણ ચતુર બળદેવ એનું દુઃખ પામી જાય છે. સિંહના પગેથી કાંટો કાઢી નાંખે છે. પીડાથી મુકત થયેલો કેસરી પ્રસન્ન ચિત્તે બળદેવ સાથે ગેલ કરે છે.

પ્રવેશ ૩ જો.

સ્થળ—કનૈયાનું મકાન.

બળદેવનો જાસુસ હેમુ વેષ બદલી કનૈયાનો કાકો બની, કનૈયાની સાળી માલતી તથા બુઢી કાકી સાસુ જટીલા સાથે પ્રવેશ કરે છે, હેમુ કનૈયા પાસેથી રામગોપાળનો ભેદ જાણવા પ્રયત્ન કરે છે. કનૈયો બેવકુફ બની, ભેદ સ્ફોટ કરે છે. માલતી ઉપર કનૈયો તથા હેમુ આશક પડે છે. હેમુ માલતીને પોતાના વીશ્વાસમાં લઈ પ્રેમ

જાહેર કરે છે. માલતી કબુલ થાય છે. બાદ કનૈયો પ્રેમ કરી જાણતો ન હોવાથી હેમુની સલાહ લે છે. જટીલા ડોસી સાથે પ્રેમનો પ્રયોગ કરી પછીજં માલતીને પરણવાની સલાહ હેમુ આપે છે. કનૈયો સંમત થાય છે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—રામગોપાળનું ભવ્ય નિવાસ સ્થાન.

કંચનીઓના સહવાસમાં રામગોપાળ વસતોત્સવ ઉજવી રહ્યો છે, દાંભિક સાધુનું દંભયુકત સંભાષણ ! બગીચામાં હેમુ એક વૃક્ષ ઉપર છુપાઈ બેસી કેમેરાથી કંચનીઓની સોડમાં બેઠેલા રામગોપાળનો ફોટો લઇ લે છે રણુજીતનું આવવું. જો રણુજીત રામગોપાળને એક લક્ષ સુવર્ણ મોહોર ભેટ આપે અને કુમારી વસંતિકા એને સોંપી દે તો તેના બદલામાં રામગોપાલે રણુજીતને રાજ્યનો વાલી (ટ્રસ્ટી), અને વખત આવે ખુદ રાજા બનાવવો, એવા કોલકરાર બંને પાપાત્માઓ વચ્ચે થાય છે, દસ્તાવેજપર રણુજીત સહી કરે છે, કરારની નકલ રણુજીત ગફલતીથી ભોંયપર નાંખી દે છે. બાદ બંનેનું જવું. વૃક્ષપરથી હેમું નીચે ઉતરી, નકલ ઉપાડી લઈ ખુશી થતો જાય છે.

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાજ્ય મહેલને લગતો એક ભાગ.

રામગોપાળનો લીધેલો ફોટો હેમુ બળદેવને દેખાડે છે, એટલામાં હજી ઉચિત સમય આવ્યો નથી એમ નિશ્ચય કરી બળદેવ ફોટો છુપાવે છે, અને રાણીને રામગોપાલ વીષે ચેતતા રહેવાનું પૂરીથી કહી ચાલ્યો જાય છે, રામગોપાલનું આવવું. ઢોંગી ગુરૂના ધર્મ ઢોંગ ! કુમારી વસંતીકા તથા સુંદરસેનનું આવવું. રાણી રામગોપાલનું વર્તન જોઇ શંકાશીલ થાય છે. કુમાર તથા કુમારીને બહાનું કાઢી ત્યાંથી દુર મોકલી દે છે. રામગોપાલ થયેલું અપમાન સમજી જાય છે. અને વસંતીકાને પાછી બોલાવવા આગ્રહ કરે છે. રાણીનો અચલ નીશ્ચય જોઇ, બળદેવનું કાસળ કાઢવા કરેલા નીચ પ્રપંચને અનુસરતો શ્રાપ આપી, ગુસ્સામાં ચાલી જાય છે. ભાવિ આફતના ભણકારાથી રાણીનો ગભરાટ !

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ—સુંદરસેનનું શયન ગૃહ.

સુંદરસેન નિંદ્રાધિન પડયો છે. ત્યાંથી તેને ઉપાડી જઈ, બળદેવના ગૃહ નીચેના ભોંયરામાં પૂરી, તે બદલ બળદેવપર રાજદ્રોહનો આરોપ મુકી તેનું કાટલું કાઢવા રામગોપાળ, કનૈયો તથા રણજીત પ્રવેશ કરે છે. એટલામાં હેમુએ આપેલી આતમીથી સુંદરસેનનું રક્ષણ કરવા છુપાવેષમાં બળદેવ પ્રવેશ કરે છે. એક ગમ ત્રીપુટી અને બીજી બાજુ બળદેવ છુપાય છે. દરમ્યાન સુંદરસેનના પ્રેમે બળતી બળદેવની પૂત્રી રંભા એનું મુખદર્શન કરવા આવે છે. બળદેવનું વિસ્મય થવું. વિહ્‌વળ રંભાના સ્પર્શથી કુમારનું જાગૃત થવું. કુમારનો ઠપકો ! રંભાનો દુરાગ્રહ ! નીરૂપાયે સુંદરસેન રંભાને આલીંગન દેવા તૈયાર થાય છે. પતીત થતી પુત્રીને બચાવવા બળદેવનું ધસી આવવું. રંભાની ચીસ સાંભળી રાણીનું આવી ચડવું. રામગોપાળ પ્રપંચથી બળદેવપર કુમારના ખૂનનો આરોપ મુકી એને કેદ કરે છે. પુત્રીની પત જાળવવા બળદેવ ખુલાસો ન કરતાં મુંગો રહે છે. રાણીને રામગોપાળ ઉપર પાછી શ્રદ્ધા છે. બળદેવને ફીટકાર.

ટેબ્લો.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—રણજીતનો મહેલ.

રણજીત તથા રામગોપાલ ચંદ્રશંકર ન્યાયાધિશને બોલાવી અદાલતમાં બળદેવને કોઈપણ પ્રકારે ગુન્હેગાર ઠરાવી દેહાંત દંડની સજા કરવાનું ફરમાવે છે. ચંદ્રશંકરનો ઇન્કાર. ચંદ્રશંકરને પદભ્રષ્ટ કરે છે, અને રામગોપાલ પોતેજ ન્યાય છણવાનો નીશ્ચય કરે છે.

પ્રવેશ ૨ જો.

સ્થળ—બગીચો.

વસંતિકા સાથે સખીઓનો હાસ્ય વિનોદ. બાદ કુમાર જગદેવ કે જે રાજ્યના ખાનગી કાર્ય માટે રાણીને મળવા આવ્યો છે તેનું આગમન, અને વસંતીકા સાથે સ્નેહમિલન. રામગોપાલ ત્યાં અચાનક આવી બન્નેને ઠપકો આપે છે. શુરો જગદેવ રામગોપાલને દાઝે બળતો તરછોડી વસંતીકા સાથે ચાલ્યો જાય છે. રામગોપાલનો ક્રોધ.

પ્રવેશ ૩ જો,

સ્થળ—કનૈયાનું ઘર.

હેમું જટીલા ડોસીને કનૈયા સાથે પ્રેમનો અખતરો કરવાનું સૂચવે છે. કનૈયો અને જટીલાની ફજેતી. ગુસ્સે ભરાયલી જટીલા માલતીને હેમુ સાથે પરણાવી દે છે, કનૈયાની નીરાશા !

પ્રવેશ ૪ થો.

સ્થળ—ખાનગી દરબાર.

રામગોપાલ ખુનના આરોપસર બળદેવને ભૂખ્યો સિંહ ફાડી ખાય એવી દેહાંત દંડની સજા ફરમાવે છે. પોતાના મરણ બાદ રંભા નિષ્કલંક જીવન વ્યતીત કરી શકે એવા હેતુથી બળદેવ એ સંબંધમાં બચાવ ન કરતાં સજાનો સ્વિકાર કરે છે.

ટેબ્લો.

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાણીનું મહાલય.

બળદેવને દેહાંત દંડની સજા થવાથી રાણીના આશ્રય હેઠળ આવી રહેલી શોકગ્રસ્ત રંભાને સુંદરસેનનો દીલાસો. રાણીનું આવવું. પિતાને બચાવવા રંભાની વિનંતી. અંધ શ્રધ્ધામાં ડુબેલી રાણીનો નિરાશા ભર્યો જવાબ. જગદેવ આવી,

હેમુ પાસેથી મેળવેલો ફોટો તથા કરારની નકલ રાણીને દેખાડે છે. સત્ય હકીકત જાણવાથી તેણીનો રામગોપાલ પ્રત્યે ધિક્કાર. બાદ લોક નાયકો આવી બળદેવને બંધનમુકત કરવા વિનંતી કરે છે. રાણીનું આશ્વાસન તત્કાળજ રામગોપાળ આવી, સર્વનું અપમાન કરી, જગદેવ તથા સુંદરસેન શિવાય બધાને કેદ કરી લઈ જાય છે.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રસ્તો.

મુર્ખ કનૈયાને, જગદેવ છુપા વેષમાં આવી રામગોપાલનું કાટલું કાઢી નાખવા ઉશ્કેરે છે.

પ્રવેશ ૭ મો.

સ્થળ—શાહેરબહારનુ ચોગાન.

રાજ્યદ્રોહીઓને કેવી ભયંકર શિક્ષા થાય છે તેનું દ્રષ્ય નિહાળવા સર્વ રાજ્ય કેદીઓને રામગોપાળ માંચડા પર લાવી બેસાડે છે. બાદ બળદેવને ચોગાનમાં લાવી એનો ભક્ષ કરવા સીંહને છુટો મુકવામાં આવે છે. પિતા સાથે પરલોકમાં પ્રયાણ કરવા રંભા ચોગાનમાં આવી બળદેવને ભેટી પડે છે. રાક્ષસ રામગોપાળનો અત્યાચાર ! ફાડી ખાવા ધસ્તો આવતો સિંહ તથા બળદેવ એક બીજાને ઓળખી કાઢે છે. પુત્રીનો અદ્દભુત બચાવ. બળદેવને સિંહ સાથે ગેલ કરતો જોઇ રામગોપાળ પોતાની બેઠકપરથી ઉભો થઈ જાય છે. કનૈયો લાગ સાધી એને ચોગાનમાં ધક્કા મારી ફેંકે છે. ભૂખ્યો વનરાજ રામગો-પાળ પર ટુટી એનું નાક કરડી ખાય છે. એટલામાં રણજીત સિંહને બેજાન કરે છે. ગડબડનો લાભ લઈ જગદેવ, રંભા તથા બળદેવને ન્હસાડી લઈ જાય છે.

ટેબ્લો.

૧૨૪૫૩

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—રામગોપાળનું વિલાસ ગૃહ.

ભાવિક મંડળ સાથે બળદેવ તથા હેમુ છુપા વેષમાં દાખલ થઇ જાય છે. હેમુ તથા બળદેવની સૂચનાથી કનૈયાને મુર્ખ બનાવી, તેનીજ ભલામણથી રામગોપાળના દર્શન કરવાને બહાને માલતી વેશ્યાનો સ્વાંગ ધરી રામગોપાલ સાથે પ્રવેશ કરે છે. રામગોપાલની દાંભિક વિચિત્ર લીલા! ભાવિક મંડળનું જવું. બળદેવ તથા હેમુ છુપાય છે. કામાતુર બનેલા રામગોપાલનો ભેદ લેવા માલતી પ્રયત્ન કરે છે. બાદ સંકેત મુજબ જગદેવ આવી રાણીને બંધન મુકત કરવા વિનંતી કરવી. રામગોપાલનો ઉડાઉ જવાબ, જગદેવનું જવું. રણજીતને રામગોપાલે હવે રાજ્યનો વાલી બનાવ્યો છે. તેના આશ્રય નીચે રહેલી વસંતિકાને સોંપી દેવાની રામગોપાલની ધમકી, રણજીત, તેમ કરવાનું કહી જાય છે. બાદ માલતી રામગોપાલને મુર્ખ બનાવી ભેદ જાણી લે છે. બાદ નાચરંગ. બળદેવ તથા હેમુ જાહેર થઇ રામગોપાલને બાંધી, રાણીને ટુંક મૂદતમાં છોડી દેવાની ધમકી આપી ન્હાસી જાય છે.

૨ જો.

સ્થળ—કનૈયાનું મકાન.

રાણી લક્ષ્મિદેવીને રામગોપાલે કયાં છુપાવી છે તેનો ભેદ કનૈયા શિવાય કોઇ પણ જાણતું ન હોવાથી તેને કેદ કરી લઇ જવા હેમુ આવે છે. જટીલા, ડોસી તથા કનૈયાને મુર્ખ બનાવી હેમુ કનૈયાને પકડી લઇ જાય છે. હેમુ જેવો જુવાન વર માલતીને મળ્યો હોવાથી જટીલાનો આનંદ.

પ્રવેશ ૩ જો.

સ્થળ—ગુફા.

રામગોપાલ રાણીને વસંતિકા સોંપી દેવાનું સમજાવે છે. રામગોપાળની સાનેરી જાળ જોઈ રાણી ગભરાય છે. પ્રજાહિતને અર્થે પોતાનો ભોગ આપવા વંસતિકા રાણીને સમજાવે છે. રાણીની હૃદય વિદારક વિટંબણા. બાદ બળદેવ જગદેવ તથા સુંદરસેનને કનૈયો દાખલ કરે છે. રાણીનો અણીને સમયે બચાવ. રામગોપાલ કેદ, સર્વને થાપ આપી કનૈયાનું ખૂન કરી રામગોપાલ છુપાદ્વારથી ન્હાસી જાય છે બાદ જગદેવ જે રાજની સરહદથી થોડે દુર છાવણી નાંખી પડયો છે ત્યાં સહુને લઈ જાય છે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—જગદેવની છાવણી પાસેનું ઉપવન.

લાંબા સમયના વિયોગ બાદ સુંદરસેન તથા રંભાનો નિર્દોષ હાસ્ય વિનોદ. રાણી રામગોપાલ પાસે જઈ પોતાનું સુંદરસેનનું તથા વસંતિકાનું બળીદાન દેવા તત્પર થવાથી બળદેવ તથા જગદેવની ગુંચવણ! બાદ જગદેવ તથા વસંતિકાની વિનોદી ટીખળ.

પ્રવેશ ૫ મો.

સ્થળ—રામગોપાલની છાવણીનો એક ભાગ.

રાણી લક્ષ્મિદેવી સુંદરસેન તથા વસંતિકા સાથે બળીદાન દેવા રામગોપાલની છાવણીમાં આવે છે. પોતાનાં આત્મશ્રધ્ધા તથા આત્મબળે સેનાપતિ રણજીત અને લશ્કરપર, શસ્ત્ર ચલાવ્યા વગર, રાણી યુક્તિથી વિજય મેળવે છે.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—શિવાલયના ચોગાનમાં રામગોપાળનો પડાવ.

રામગોપાળ જો પકડાય તો તેના પ્રાણને કંઇપણ હાની ન થાય એવી સુચના લક્ષ્મિદેવિએ કરેલી હોવાથી, એને

નાસી ન જવા દેતાં, રોકી રાખવા માટે બળદેવ હેમુને છુપા વેષમાં મોકલે છે. વિજયની આશાએ મ્હાલતો રામગોપાળ ! જો વિજય મળે તો રણજીત-સીંહને રાજા ન બનાવતાં, પોતેજ રાજા બની બેસવાનો નીશ્ચય કરે છે, નાચરંગ ! બાદ પૂજારીના વેષમાં આવેલો હેમુ શ્રી શંકર સમક્ષ વિલાસ કરવા માટે રામગોપાળને ઠપકો આપે છે, સત્તા, મહત્તા લક્ષ્મિ, વૈભવ ઇત્યાદીની ટોંચે પહોંચેલો મદાંધ રામગોપાળ શ્રી શંકરની અવગણના કરી. અપમાન કરવા તૈયાર થાય છે. અભિમાનની ટોચે ચઢેલાને હેઠો પાડવા જ્યાં મનુષ્ય પ્રયત્ન નિષ્ફળ થવા સંભવ હોય ત્યાં દૈવ એ દાવ સાંધે છે. જંગલમાં ભટકતો નાગ આવી શીવા-લયના દ્વારની વચ્ચો વચ્ચ લટકી રહયો છે ત્યાં રામગોપાળ શ્રી શંકરને પાદ પ્રહાર કરવા મંદીરમાં ધસે છે. દ્વારમાં પેસતાંજ નાગ એને કપાળમાં ડંખ મારે છે રામગોપાળ એક ક્ષણમાંજ મરણને શરણ થાય છે. ચોરને પોટલે ધૂળની ધૂળ લશ્કર સહીત સર્વનું આવવું. રકતપાત વિના વિજય અપા-વનાર શ્રી શંકર ભગવાન સમક્ષજ પ્રેમી જોડાંઓનો હસ્ત મેળાપ અને સુંદરસેનને રાજ્ય તિલક. બાદ આનંદ ! આનંદ !! આનંદ !!! ઇતિ.

શ્રી કૃષ્ણાર્પણ મસ્તુ.

સોનેરી જાળ.

નાટકનાં ગાયનો.

૧

ભક્તિ નીતિ અને કરૂણા—

તિમિર વિનાશક, જ્ઞાન પ્રકાશક.
 ચરણુ શરણુ,
વિશ્વકેરો વિશ્રામ; તુંહિ તુંહિ રામ;—તિમિર.
છળ કપટ દંભે ઉભરાતી આલમ અજ્ઞ તમામ,
ભક્તિ, કરૂણા; નીતિ તજતી, જનતા હારી હામ;
કરૂણા સાગર, નટવર નાગર;
 શાંતિ દેહે શ્યામ;—તિમિર.

૨

લક્ષ્મિ અને વસંતિકા—

સકળ વિશ્વાધાર તું પ્રભુ,
અચળ અમલ તુજનો નિરધાર—તું પ્રભુ—સકળ.
જડ ધનથી બહુ જડતા વધે, બુદ્ધિ ધને વિવેક,
ભક્તિ ધને મૂક્તિ મળે, જો જાળવે નીજ ટેક;
જન્મ મરણુનો તુંહિ વિધાતા,
 સુખ દુઃખ કેરો દાતા ત્રાતા,
 વંદુ પાલનહાર;—અચળ.

૩

વસંતિકા અને લક્ષ્મિ—

ભલે માલીક હો દુનિયાનો,

ભલે અઢળક હોય ખજાનો.
ભલે પ્રતાપ હોય વિદ્યાનો,
ભોગવવાને જોઈએ, પ્રભુના ઘરનો પરવાનો;—ભલે.

સત્તા મળી શા કામની, જો ન્યાય પંથે વળાય ના,
મહત્તા મળી શા કામની, જો એક ટેક પળાય ના,
વિદ્યા મળી શા કામની, મદ મોહ કંઈ જો તજાય ના.
શ્રદ્ધા ધરી શા કામની, જો આત્મ શ્રેય સધાય ના,
ભલે સુત હોય ધર્માત્માનો,
ભલે મૂરખ હોય કે દાનો—ભોગવવા.

૪

બળદેવ—

જ્ઞાન અહો અરે જ્ઞાન અહો, એમ આલમ આખી બકતી.
આલમને ઉકેલી જોતાં, જ્ઞાન વિના આથડતી;—જ્ઞાન.

જ્ઞાન ભરી મનમાં સાગર સમ, આચારે નવ બિંદુ,
તૃષા છિપાવે એ નવકોની, જેમ ખારૂં જળ સિંધુ;–જ્ઞાન.

પયમાં સાકર જઈ ભેળાતાં, મિષ્ટ તેક્ષણુ થાય છે,
જ્ઞાનોદય જો સત્ય હોય તો, આચારે દેખાય છે;
અવનિયે આચાર પૂજાયે, અવધિ જ્ઞાન દશાની હો,
જ્ઞાન સત્ય આચારે જેટલું, બાકી દંભ નિશાની હો;–જ્ઞાન.

૫

કનૈયો હેમુ અને જટીલા—

બુઢો થયો પણ હેવા ગયા નહિ;
જાય છે કયાં જખ મારવા,
નફ્ટ જૂવાન નાજુક નારથી,
ચાહે તું નયના લડાવવા;—બુઢો.

કાકો હું તારો માલેતુજાર,

વારસ તારો ખરો હકદાર,
હું અલબેલો, આશક ઘેલો, એ છણકાળી નારે;
મનાવવા એ માનુનિને, છેડ ન કરતો છાની,
હોંસીલા કાકા,
પરણી આ કાકીની સાથે લ્યો લ્હાણી;
જો પીટયો રોઢયાળ, હાય (૩)—બુઢો.

૬

વિશાખા

કાના તોસે હોગી લરાઇ,
કયું રે મોરી ચોલી ચુરાઈ;—કાના.
લાલ ચુનરીયાં, લાલથી ચોલી, ચોરી કરત ચતરાઈ,
લાલ ગાલપે, કપટી કનૈયા, ચુંબન દે શરમાઈ,
સુધ બુધ મોરી તુને હરાઇ;—કાના.
લાલ ગુલાલ ઉડાયો બદનપે, સ્નાનકો મયે લલચાઈ,
ચીર ચુરાકે ચડયો તું કદંબપે. તોહે શરમ નાહિં આઈ,
શ્યામ મયેંતો નાર પરાઇ;—કાના.

૭

વિશાખા

દિલદારકી હર યાદમેં જોબન ગયા તો કયા હુવા;
યે ગુલ બદન કીસ કામકા, દિલદારકી યારી બીના,
દિલદાર નહિં તો હમ નહિં, જોગન બની તો કયા હુવા;
(વો) ઈશ્કકી લ્હેઝત બીના, ના ચયન દિલ પાવે કહીં;
જપતે ઝબાંપર નામકો, દમ ભી ગયા તો કયા હુવા;
હીરા મીલા, મોતી મીલા સૂરત મીલી, સબ કુછ મીલા,
દિલદાર આકે ના મીલા, જોબન મીલા, તો કયા હુવા;

૮

બળદેવ—

વિશ્વાસે વંઠી ગયું, વિશ્વ સકળ કળિકાળમાં,
માછી પકડે મત્સ્ય આનંદે સોનેરી જાળમાં;—વિશ્વાસે.
વિકાર અંધશ્રદ્ધાનો ભૂરો અપાર,
સત્ય સૂઝે ન બૂઝે લગાર,—વિશ્વાસે.
જ્ઞાન ધર્મ જુઓ આજ હા ! વેચાયે બજાર,
બન્યાં મંદીર હાટ, ચાલે ધર્મનો
દંભડોળ ભયો ગુરૂ જનનો વ્યવહાર;
લક્ષ્મિ લલનાના લાલચુ દુનિયાને દોરનાર,
બંધાયો બંધન શું તોડનાર—વિકાર.

૯

લક્ષ્મિ—

ભ્રાંતિ થઇ મન, બુદ્ધિ હરાઇ,
હૃદય આ મુંઝાયે, જાયે દુભાઇ;—ભ્રાંતિ,
પ્રબળ યુદ્ધ જાગ્યું આ અંતર માંહિ,
શંકા કે શ્રદ્ધા શ્રી ચર્ણ માંહે;
તિમિરનિશા હા ! હૃદયમાં છવાઇ.—ભ્રાંત.

૧૦

કુંચનીઓ—

મોરા બાલા જોબનવામેં આગ લગાય ગયોરે,
કપટી કનૈયા. ઢીટ સૈંયા,
મોરા ભોલા જોબનવામે ડાઘ લગાય ગયોરે;—મોરા.
બંસરી બજાકે બાવરી મોહે, બનાઇ,
મોરિ ગલીયાં આકે હરી,
અરી નયનોસે નયના મિલાય ગયો રે;—મોરા.

૧૯

જનઘટપે પાલવસે મોહે પકરી,
મોહે છતીયા પર ધરી,
આરી અધરસે હરી અધર મોહે લગાય ગયોરે;—મોરા.

૧૧

વસંતિકા અને સખીઓ—

પ્યારી તારી કીકી કામણગારી કાં;
કામણગારી કારી કટારી,
ભોગી કે ભ્રમરને ભૂંડી મારી કાં;—પ્યારી.
અને બળેલીને ના બાળો, અંતર દે તમને ગાળો,
ટીખળ આ તો હવે ટાળો, હું તો હારી હા;
લાગી તેને લાગી, દે સુખ શાંતિ ત્યાગિ,
ભમે અનુરાગી, પુઠે તારી કાં;—પ્યારી.
પયોધર ઉછળે, હઈડું ધડકે,
નાજુક નયને જોબન ઝળકે,
જાઓ સખી ન સતાવો ન બનાવો,
લૂંટો આનંદનો લ્હાવો. બાળી કાં—લાગી.

૧૨

વસંતિકા અને જગદેવ—

જાઓ પિયા શાને લ્યો છો મારો કેડો,
રસીલી બાળા, શાને રીસાઓ લાગ્યો નેડો;—જાઓ.
વચન આપી વિશ્વાસે રાખી,
થઇ કસુર, લ્યો આપો માફી,
છોડો છોડોને મારો છેડો, ઠગારા રાજ;—રસીલી.
(અંતર ઉર્મિ ઉછળે વ્હાલા, તાપ શમ્યો નવ જાય,)
(શાંતિદાયક સ્નેહ સિંચન ચુંબનથી ઓલવાય;)
ધુતારા રસાળાં બોલી વચન ના છેડો,
રસીલી બાળા શાને રીસાવો લાગ્યો નેડો;
ના, ના.....ના........ના....................જાઓ.

૧૩

જટીલા—

પ્રેમની પીડા તે કોને કહિયે,
હો મધુકર—પ્રેમની.
થાતાં ન જાણી પ્રીત,
જાતાં અકળાઈ હાય,
હાથના કીધાં તે વાગ્યાં હઈયે,
હો મધુકર—પ્રેમની.

૧૪

હેમું, કનૈયો, માલતી ને જટીલા—

ચાલો સાસુજી જમાડોને કંસાર,
ઓ કાકા કલંધર, માર્યાં તેં તો ઠાર;—ચાલો,
માલતીને કરવા મારી, બોલાવી બુઢી કહી પ્યારી,
હજીયે હૈયેથી લે ચાંપી, જો બુઢી તુજને આપી;
હાયરે કાકા હાય (૨);—ચાલો.
(મારા ધણીને મુવા કાં દે છે ગાળ)
(આ ખડતલ ખોખાએ બગાડયો સહુ ઘાણ)
હાય (૨) જો પીટયો શેઢિયાળ
સુનો થયો હાય મારો સંસાર;—ઓ કાકા.

પંજાબી નાચ

ચુંડીયાવાલીએ અમ્મનીએહો
અમ્મનીએહો ૪
લગદિ નાલોં ટૂટદીચંગી મેરી બેકદરાંદી યારી
ભલા હો યા લડનેડ.યે। છુટા મેરી ઉમર ન બિતી સારી, અ. ૩.-ચુ.
મયનુ તેરીસોં થોડા ગલાયદા સચલોગોં
પખ્ખી ગોરી દે હુથ લોગોં
મુશકિ ઘઘરા લકલોગોં
જંબુદી ચડના ટકલોગોં
પાન્ડું મજુરીમા નહિંયોં લેંના. જીન્હે નહિંઓં લેના. ચુ

૧૫

રંભા અને સુંદરસેન

કેવી દશા થઈ,
આશા અફળ ગઈ;—કેવી.
ભાગ્ય ચક્ર ચંચળ સદા, અચળ શીરે ના હોય,
આજે નૃપ પૃથ્વિતણો, કાલે ભીખારી હોય;
વિધિએ વૈભવ પોષ્યાં, દુઃખડાએ દ્વાર ઠોક્યાં,
સતિઆ નિત દુઃખિયારે, જગતે ઠગ જૂઠાં પોંખ્યા—કેવી.
સમજ સમય બળવાન છે, નહિ પુરૂષ બળવાન,
કાબે અર્જુન લૂંટીયો એજ ધનુષ એજ બાણ;
સુખ દુઃખ સંસારીઓના, ના છે સમજાય તેવાં,
પાપી પ્રતાપ વાધે, ધર્મીને સંકટ સહેવાં;—કેવી.

૧૬

ભાવિક મંડળ—

દ્રઢ મન ચરનમેં રખીયે, ઓ ભાવિક,
દ્રઢ મન ચરનમેં રખીયેજી,
અલ્પ મતિકી શક્તિ પિછાની,
ભક્તિકા સ્વાંગ ધરીયેજી;—દ્રઢ.
રજ તમ અન્નકો આહાર તજીયે, મિષ્ટાન્નસે પેટ ભરીયેજી,
નાશવંતયે જગકો નીરખી, આશ અનંત દિલ ધરીયેજી,
કર્મેંદ્રિયોંકા કર્મ ન તજના,
ધર્મ યે અપના સમજીયેજી,—દ્રઢ.

૧૭

વિશાખા અને માલતી—

ભરન દે તું પનિયાં,
સાજનવા, ભરન દે તું પનિયાં;—ભરન.
છોરછોર બઈયા મોરી, હાયરે મરોરી,
સઈયાં, દુઃખ દઈયાં, કાહે મારે તું નયાનયાં,–ભરન.
સખિયન સબ ભાગી, કાહે મોહે રોકે ઠાઢી,
જાને દે, કનઈયા, તોહે દેઉંગી મખનીયાં,—ભરન.

૧૮

રામગોપાળ

ગોરી ધીરે ચલોરે,
ગગરી છલકે ન જાય;—ગોરી.
સર પર ઘડા, ઘડે પર ગાગર,
પતલી કમર બલ ખાય ન જાય;—ગોરી.
ચોલી તંગ ભઈ ચૂનરી સરક ગઈ,
જોબન બાલો કરમાય ન જાય;—ગોરી.

૧૯

જટીલા અને કનૈયો—

નખરાળી નૌતમ નાર; છું હું અલબેલી,
મળતો નથી કો અંધયાર, શોધે થઈ ઘેલીઃ—નખરાળી.
રસિયો મળતાં લ્હેર ઉડાવીશ, ગરથ ઘણેરૂં ગાંઠે,
ધીરજ રાખી ખોળીશ તો, મળી રહેશે મરણને કાંઠે,
ચાલીશ સુવતિ સમ અતિ ઠાઠેઃ—નખરાળી.
શેષ પાતાળે પેસી ડોલે ભરાય જ્યારે ભાઠે,
દુનીયા સહુ ડોલે યૌવનમાં, તું ડોલી રહી સાઠે;
રસિયો રીઝવીશ રતિ પતિ પાઠેઃ—નખરાળી.

૨૦

લક્ષ્મિ—

(તારૂં) નાવલડું હંકાર, સાજન ધીરે ધીરે,
ભવસિંધુ આ ભયકર. સાજન ધીરે ધીરે;—તારૂં
મદીરા પી મન માકડું કુદે, નાવડું ડોલા ખાય,
સુકાન સોંપે હાથમાં એને. નાવડું ચૂરા થાય,—સાજન.
અહંભાવના વાદળ છાયાં, હૃદયાકાશની માંય.
મદમત્સરનો મેહુલો વરસે, ડુબતી હોડી જાય;
દિશા દુર્ગમ લીધી દુર્ગુણની, સીધી ભૂલ્યો વાટ,
સત્ય ધ્રુવનો તારલો ચુકયો, કેમ મળે મૂક્તિ ઘાટ,—સાજન.

૨૧

રંભા—

મને ક્યારી કટારી પિયા મારી

નજર તારી જાદુ ભરી,

દિલ ભેદી ઉંડે ઉંડે વાગી,

ત્યાગી ઉંઘ જાગી ફરી;—મને.

એરે કટારીયે, મનડાં મોહયાં,

લાગી ત્યારે સુધ બુધ ખોયાં,

જખ્મ થયે નયનાં રોયાં;—નજર,

૨૨

વસંતિકા અને જગદેવ—

હે અધીરો બની ઉભો મારો હંસલો,

મમ ઉર સરોવર તીર, પ્રિતિ નિર્મળ નીર,

પાઉં નણુદલ વીર, ધીરે (૩);—હે અધીરો.

સોનેરી શીર પેચ આ, રૂપેરી આ તુજ કાય,

રાજ ગતિ મોહક અતિ, મળવા મન લલચાય;

મોહન મળશું એકાંતે,

સ્નેહ ગોઠડી કરશું ખાંતે,

અધર અમિરસ લેશું દેશું,

વાત છાની કોને ના કહે શું—હે અધીરો.

૨૩

કંચનીઓ—કયસે ખોલું અટારી,

નયનોકે બાન લગ જાય,

બાલો ભોલો જોબનવા લૂંટાય;—કયસે.

જોબનવા જોર કરે, મનવા ન ધીર ધરે,

ઘુંઘટકો પટ ખુલ જાય; (કયસે)

પાપી પપૈયા; ન બુલબુલ સે બાત કરે,

જોબનકો રંગ ઉડ જાય; (કયસે)

જમના કે તીરે ખડો કુંવર કન્હાઈ

મોસે નજરીયાં મીલાય;—કયસે.

ઇતિ.

ૐ